# રસોઈના મસાલામાં ભાવ વધારો

## મોંઘવારીથી પીડામાંથી બહાર આવવા ભાજપ સરકાર વક્તવ્યને બદલે 'કર્તવ્ય' પર ધ્યાન આપે : ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેંકર

ગાંધીનગર, તા. ૧૪

જીવનજરૂરી ચીજ વસ્તુના ભાવ તો આસમાને પહોચ્યા જ છે પણ હવે તો રસોઈમાં વપરાતા મસાલામાં અસહ્ય ભાવ વધારો થયો છે.છેલ્લા છ મહિનામાં જુદા જુદા મસાલામાં ૨૫ ટકાથી લઈને ૪૦ ટકા સુધીનો ભાવ વધારો થયો છે. મોંઘવારીથી પીડામાંથી બહાર આવવા ભાજપ સરકારે વકતવ્યને બદલે 'કર્તવ્ય' પર ધ્યાન આપે એમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેંકરે જણાવ્યું હતું.અને અમાં ઉમેરતા કહ્યું હતું કે નીતનવા માર્કેટિંગ માટેના નામો અને નારાથી સામાન્ય-મધ્યમ વર્ગના લોકોનું પેટ ભરાતું નથી.

ગરીબ વિરોધી ભાજપ સરકારના શાસનમાં પેટ્રોલ-ડીઝલ, એલપીજી ગેસ, સીલીન્ડર, તેલ, શાકભાજી જેવી જીવનજરૂરી ચીજવસ્તુના ભાવ આસમાને પહોચ્યા જ છે હવે તો રસોઈમાં વપરાતા મસાલામાં થતા અસહ્ય ભાવ વધારા અંગે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે અચ્છે દિન, અમૃતકાળ જેવા નીતનવા માર્કેટિંગ માટેના નામો અને નારાથી સામાન્ય-મધ્યમ વર્ગના લોકોનું પેટ ભરાતું નથી. રૂપાળા સુત્રો દ્વારા ભ્રામકતા ઉભી કરી સત્તા મેળવનાર ભાજપ સરકારે દેશની જનતા સાથે છેતરપીંડી કરી છે. ભાજપ સરકારના લુંટકાળમાં જાનલેવા મોંઘવારીમાં જનતાની બચત પર રોજ લુટ ચાલી રહી છે. દૂધ, દહીં, ઘી, ચા, ખાંડ સહીતની રોજીંદા જીવનની ખાવાપીવાની ચીજવસ્તુઓ તો અસહ્ય મોઘી થઈ જ છે તેની સાથે સાથે ગૃહિણીના રસોડામાં આગ લાગી હોય તેમ મસાલાઓમાં પણ આગ ઝરતી તેજી જોવા મળી રહી છે. છેલ્લા છ મહિનામાં જુદા જુદા મસાલામાં ૨૫ ટકાથી લઈને ૪૦ ટકા સુધીનો ભાવ વધારો થયો છે. જાન્યુઆરીમાં ૩૫૦-૩૭૫ રૂપિયે કિલો મળતું જુરું હાલ ૬૭૫-૭૦૦ રૂપિયે કિલો, લાલ મરચું ૨૨૦-૨૫૦થી વધીને ૩૨૫-૩૫૦ અને લવિંગ ૭૦૦-૮૦૦ રૂપિયે કિલો મળતું હતું એ આજે ૧૦૦૦-૧૧૦૦ પ્રતિકિલોને પાર થયું છે. આ સિવાય ધાણા, હળદર, સુંઢ, વરિયાળી, મેથી, અજમો, અને મરી સહીતના રોજીંદા વપરાશના મસાલામાં અસહ્ય ભાવ વધારાએ ગૃહિણીનું બજેટ ખોરવી નાખ્યું છે. ભાજપ સરકારના અણઘડ વહીવટ અને સામાન્ય-મધ્યમવર્ગ વિરોધી નીતિઓને કારણે ગુજરાતના યુવાનો, મહિલાઓ, ખેડૂતો અને નાના ઉદ્યોગો-વેપારીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. મોઘવારી દુર કરવાના વચનો આપનારી ભાજપ સરકારએ સાત વર્ષમાં કયાંય ભાવ ઘટાડો કર્યો નથી. મોંઘવારીથી પીડામાંથી બહાર આવવા ભાજપ સરકારે વક્તવ્યને બદલે 'કર્તવ્ય' પર ધ્યાન આપે તો કઈક અંશે નાગરીકોને રાહત મળશે. માત્ર મોટી મોટી વાતો અને રૂપાળા સુત્રોથી રાહત નહિ મળે. લુંટકાળમાંથી રાહત માટે ભાજપ સરકાર સત્વરે નક્કર પાગલ ભરે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.



**જીવનજરૂરીની વસ્તુ (પ્રતિ કિલો)**

| | (જાન્યુઆરી) | (જુલાઈ) |
|---|---|---|
| ૧. લાલ મરચું | ૨૦-૨૫૦ | ૩૨૫-૩૫૦ |
| ૨. જીરું | ૩૫૦-૩૭૫ | ૬૭૫-૭૦૦ |
| ૩. લવિંગ | ૭૦૦-૮૦૦ | ૧૦૦૦-૧૧૦૦ |
| ૪. જીરું | ૩૫૦-૩૭૫ | ૬૭૫-૭૦૦ |
| ૫. હળદર | ૧૭૫-૧૯૫ | ૨૦૦-૨૨૦ |
| ૬. વરિયાળી | ૧૭૫-૨૦૦ | ૨૦૦-૨૫૦ |
| ૭. મેથી | ૧૮૦-૨૦૦ | ૩૦૦-૩૨૫ |
| ૮. ઘઉંનો લોટ | ૨૫-૨૭ | ૩૪-૮૬ |
| ૯. અડદની દાળ | ૯૫ | ૨૧૯ |
| ૧૦. તુવેરની દાળ | ૭૨ | ૧૮૦ |
| ૧૧. સુંઢ | ૨૦૦-૨૫૦ | ૩૭૫-૪૦૦ |




કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સંસ્થા માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ એન્ડ રિસર્ચ, સેક્ટર ૨૩, ખાતે ૧૨ જૂન ના રોજ બીએસસી પ્રથમ વર્ષ નાં વિદ્યાર્થી માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં તેઓને સંસ્થા ના ડાયરેક્ટર/આચાર્ય ડો. કેયુર શાહ તથા શિક્ષકગણ દ્વારા અભ્યાસ સાથે વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી કોલેજ માં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપવામાં આવી હતી.

# ચંદ્રયાન-૩નું સફળ પ્રક્ષેપણ : ગુજરાત સાયન્સ સિટીમાં કરાયું લાઈવ ટેલિકાસ્ટ



ગાંધીનગર, તા. ૧૪

૧૪ જુલાઈનો દિવસ આપણા સહુ માટે ગૌરવભર્યોદિવસ હતો. ઈસરો દ્વારા શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી બપોરે ૨ વાગ્યાને ૩૫ મિનિટે ચંદ્રયાન–૩નું પ્રક્ષેપણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટીમાં પણ ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા. ઈસરોના વૈજ્ઞાનિક રીતેશ શર્મા અને ડો. સી.એમ. નાગરાણીએ વિદ્યાર્થીઓને ચંદ્રયાન મિશન વિશે વિસ્તારથી માહિતી આપી હતી.

રીતેશ શર્માએ જણાવ્યું કે આ પહેલાં આપણે ચંદ્ર પર ઓર્બિટર મોકલ્યું હતું. અને ઓર્બિટરે જે પણ ઈમેજીસ મોકલી તેના પરથી એ તારણ નીકળ્યું કે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પાણી મળવાની સંભાવના વધારે છે. અને ત્યાં માનવ જાતિના વસવાટની સંભાવના જોઈ શકાય છે. ચંદ્રયાન-૨ વિશે વાત કરતાં તેમણે કહ્યું કે ચંદ્રયાન-૨માં આપણે ઓર્બિટર અને લેન્ડર મોકલ્યું. જે ઓર્બિટર થકી આપણને હાઈરીઝોલ્યુશન વાળી ઈમેજીસ મળી જે ૩૦ સેન્ટીમીટરની સૌથી શ્રેષ્ઠ ઈમેજ હતી. જો કે તેનું લેન્ડર ચંદ્ર પર લેન્ડ નહોતું થઈ શક્યું અને તેની સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. જે અનુભવ પરથી ખૂબ જ સાવચેતીથી ચંદ્રયાન-૩નું નિર્માણ કરવામાં આવ્યું છે. ચંદ્રયાન-૩માં લેન્ડર અને રોવર મોકલવામાં આવ્યું છે. જે ચંદ્રની સપાટી પર ઉતરશે અને ત્યાંના વાતાવરણ તેમજ સપાટી વિશે આપણને માહિતી મોકલશે. જે આપણને ઘણી ઉપયોગી થશે.

સી.એમ. નાગરાણીએ જણાવ્યું કે પ્રક્ષેપણ દરમિયાન સૌથી મહત્વનું કામ ન્ફસ્-૩ રોકેટનું હતું. અને રોકેટે પોતાનું કામ સફળતાથી પૂર્ણ કર્યું છે. ચંદ્રયાનને જ્યાં સુધી પહોંચાડવાનું છે ત્યાં સુધી રોકેટે સફળતાથી પહોંચાડી દીધું છે. હવે ચંદ્રયાનનુ ચંદ્ર તરફ પ્રયાણ શરૂ થઈ ગયું છે. તેમણે જણાવ્યું કે જ્યારે યાન ચંદ્રની ૧૦૦ કિલોમીટરની ભ્રમણ કક્ષામાં પહોંચશે ત્યારે લેન્ડર અને પ્રોપલ્ઝન મોડ્યુલ છૂટા પડી જશે. ત્યાર બાદ લેન્ડર ધીમું પડીને ચંદ્રની ૩૦ કિમીની કક્ષામાં આવશે ત્યાર બાદ અને પછી ૨૩ ઓગસ્ટ આસપાસ ચંદ્રની દક્ષિણ ધ્રુવની સપાટી પર એરક્રાફ્ટની જેમ ઉતરાણ કરશે. મહત્વનું છે કે ભારત પહેલા અમેરિકા, રશિયા અને ચીન ચંદ્રની સપાટી પર ઉતરવામાં સફળ રહ્યા છે. જો ભારતનું ચંદ્રયાન-૩ સફળ રહેશે તો ભારત આ ક્લબમાં પ્રવેશનાર ચોથો દેશ બનશે.

ઈસરો દ્વારા કરવામાં આવેલા ચંદ્રયાન-૩ના પ્રક્ષેપણનું ગુજરાત સાયન્સ સિટીમાં પણ ઓડિટોરિયમ, રોબોટિક્સ ગેલેરી, હોલ ઓફ સાયન્સ હોલ ઓફ સ્પેસ સહિતની જુદી જુદી જગ્યાએ લાઈવ ટેલિકાસ્ટ રાખવામાં આવ્યું હતું. આ દરમિયાન મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓ હાજર રહ્યા. અને ભારતના ચંદ્રયાનનું સફળ પ્રક્ષેપણ જોઈને ગૌરવની લાગણી અનુભવી. આ પ્રસંગે ગુજરાત સાયન્સ સિટીના જનરલ મેનેજર ડો. વ્રજેશ પરીખ અને આસિસ્ટન્ટ જનરલ મેનેજર હાર્દિક ગોહેલે હાજર રહેલા દરેક વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સાદરા ગામે લેન્ડ ફિલ સાઈટ બનાવવાની હિલચાલ સામે વિરોધ

ગાંધીનગર, તા. ૧૪

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અન્વયે તથા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ઉત્પન્ન થતા મ્યુનિસપલ ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે યોગ્ય રીતે નિકાલ કરવા માટે સાદરા ખાતે લેન્ડ ફિલ સાઈટ બનાવા ગ્રામજનોનો ઉગ્ર વિરોધ છે. સાદરા ગામ મહાનગરપાલિકાથી આશરે ૨૮ કિ.મી. જેટલુ દૂર થાય છે અને સાદરા ગામનો મહાનગર પાલિકામાં સમાવેશ થતો નથી અને મહાનગરપાલિકાને લેન્ડ ફિલ સાઈટ બનાવવા માટે જે જગ્યા નક્કી કરેલ છે તે માટે ગામમાં સિંગલ પટ્ટી રોડ હોય તો જેના કારણે વાહનોની અવર-જવરમાં પણ મોટી તકલીફ પડે એમ છે. જી.એસ.પી.સી.ની લાઈન નિકળતી હોય તો મોટી હોનારત સર્જાય એમ છે અને સાદરા ગામ એ ગાંધીનગરથી આશરે ૨૮ કિ.મી. દૂર આવેલ છે. જેના કારણે ફાયર થાય એ સમયે ફાયરના સાધનો પહોંચતા પણ ખૂબ સમય લાગે અને મોટી હોનારત સર્જાય એવા સંજોગો પણ છે.

આમ સાદરા ગ્રામજનોએ પહેલા પણ આ બાબતનો વિરોધ કર્યો હતો. અને આ લેન્ડ ફિલ સાઈટ સાદરા ગામે કરવામાં આવશે તો ગ્રામજનો દ્વારા આંદોલન પણ કરવાની તૈયારી દર્શાવી છે.

# આદર્શ નિવાસી શાળામાં ૩૦ રિયુઝ કમ્પ્યુટર આપાયા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળામાં કમ્પ્યુટરની જરૂરિયાત જણાતા સોશિયલ એકટીવીટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમદાવાદની સોફ્ટવેરે કંપની Asite Solutions Pvt Ltd ના સહયોગથી સેક્ટર ૮ માં ૧૪, સેક્ટર ૨૦ માં ૧૦ અને આદર્શ નિવાસી શાળા માં ૬ એમ કુલ ૩૦ જેવા રિયુઝ કમ્પ્યુટર આપવામાં આવ્યા હતા. આ પેહલા પણ આ કંપની દ્વારા સેક્ટર-૧૬ અને ગોકુલપુરામાં કમ્પ્યુટર આપવામાં આવ્યા હતા. તથા ગાંધીનગર ની પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી ના કમ્પ્યુટર સાયન્સ, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિ નિયરિંગ, સિવિલ એન્જિ નિયરિંગ, મિકેનિકલ એન્જિ નિયરિંગ ના ૧૫ વિદ્યાર્થીઓ ઈન્ટર્નશિપ ના ભાગ રૂપે સરકારી પ્રાથમિક શાળાના ૬,૭ અને ૮ ના વિદ્યાર્થીઓને ૧૫ દિવસ માટે કમ્પ્યુટર નું પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું. સોશિયલ એકટીવીટી ચેરીટેબલ ટ્રસ્ટ અને આચાર્ય દ્વારા પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી ના વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ની સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય અને સોશિયલ એકટીવીટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમદાવાદ ની સોફ્ટવેરે કંપની ના સીઈઓ રિતેશ નારાયણ નો સરકારી શાળા માં કમ્પ્યુટર આપવા માટે અને વિદ્યાર્થીઓના ઉજવળ ભવિષ્ય માટે મદદ રૂપ થવા માટે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.





એસ.વી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા માં ' એક્સપર્ટ ટોક ઓન સેવ એન્વાયરોમેંટ ' પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૪ નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ પર્યાવરણનું મહત્ત્વ સમજે અને તેને બચાવવા માટે પ્રેરિત થાય તે હેતુથી આ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

# સોમવારે સોમવતી અમાવસ્યાનું વ્રત

## પિતૃઓની પૂજા અને ભગવાન શિવ અને માતા પાર્વતીની પૂજા કરવા માટે અમાવસ્યા તિથિ ખૂબ જ ફળદાયી કહેવાય છે

ગાંધીનગર, તા. ૧૪


૧૭ જુલાઈના રોજ અમાવસ્યા આવે છે. આ અમાસ સોમવારે આવતી હોવાથી તેને સોમવાર અમાસ કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં અમાસે તથા સોમવતી અમાસ કરવામાં આવતા ધર્મકાર્યોનું વિશેષ ફળ કહેવામાં આવ?યું છે. નારદ મહાપુરાણ, સ્કંદમહાપુરાણ, ભવિષ્ય પુરાણ, મત્સ્ય પુરાણ વગેરે ધર્મગ્રંથોમાં આ દિવસે કરવામાં આવતા સ્નાન, દાન, શ્રાધ્ધ વગેરે ધર્મ કર્મથી મળતા મહાન ફળની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.સોમવતી અમાસનું અત્યંત મહાન ફળઃ- જે દિવસે સોમવાર અને અમાસનો યોગ થાય ત્યારે સ્વર્ગ, પૃથ્વી અને આકાશમાં કપલિધારા ગંગા, પુષ્કર વગેરે જે જે તિર્થો હોય છે તે બધા તિર્થો સોમવતી અમાસના દિવસે જળમાં આવીને વસે છે.આ દિવસ આ તિથીનું મહાત્મ્ય સૂર્યગ્રહણ સમાન છે.

આ દિવસે એટલે કે સોમવતી અમાસના દિવસે સ્નાન, દાન, શ્રાધ્ધ વગેરે ધર્મકાર્યનું પુણ્ય અક્ષય થાય છે. સોમવતી અમાસનો પુણ્યકાળ મધ્યાહનનો છે.આ દિવસ આ તિથીનું મહાત્મ્ય સૂર્યગ્રહણ સમાન છે. આ દિવસે એટલે કે સોમવતી અમાસના દિવસે સ્નાન, દાન, શ્રાધ્ધ વગેરે ધર્મકાર્યનું પુણ્ય અક્ષય થાય છે. સોમવતી અમાસનો પુણ્યકાળ મદ?યાહનનો છે.

સોમવતી અમાસ અથવા કોઈપણ અમાસ પતૃિઓને વ્હાલી તિથી છે. એ દિવસે શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે પતૃિઓને ઉદ્દેશી કરવામાં આવતુ દાન તથા તંર્પણ પતૃિઓને તૃપ્તિ આપનારૂ થાય છે. આ દિવસે જો વિધિવત ઉપવાસ કરવામાં આવે તો તેનુ ફળ અક્ષય વડ નીચે શ્રાધ્ધ વગેરે ધર્મ કરનારને જે ફળ મળે છે તે પ્રાપ્ત થાય છે. શાસ્ત્રની આજ્ઞા મુજબ નિયમોનું પાલન કરીને શ્રધ?ધા-ભકિતપૂર્વક ઉપવાસ કરનાર પોતાના ૨૧ કુળોનો ઉધ્ધાર કરી શકે છે. કારણ કે અક્ષય વડે નીચે શ્રાધ્ધ વગેરે ધર્મકાર્ય કરનારને તે ફળ મળી શકે છે.

અમાસે શ્રાધ્ધ કર્મનું મહાત્મ્યઃ-

અમાસ સર્વ પતૃિઓની શ્રાદ?ધ યોગ?ય તિથી કહેવાય છે. જે પતૃિઓની ચોકકસ તિથીની જાણ ન હોય તેવા પતૃિઓનું અમાસે કરવું જોઈએ. અમાસે કરવામાં આવતુ શ્રાદ?ધનું અધિક ફળ પ્રાપ્ત થાય છે આ દિવસે પતૃિકાર્ય, શ્રાધ્ધ, દાન વગેરે કરવાથી મનુષ્યોના પતૃિઓને તૃપ્તિ થાય છે. તેથી ખૂબ શ્રધ્ધાપૂર્વક અન્નદાન, જળદાન વગેરે દાન કરવા.પીપળા પૂજનનું માહાત?મ્ય :- અમાસે વિષ?ણુ સ્વરૂપ પીપળાનું કંકુ, ચોખા, ચંદન, દિવા, ધુપ વગેરેથી પુજન કરવું તથા પીપળાને જળ અંર્પણ કરવું.



પંચબલી કાઢોઃ

સોમવતી અમાવસ્યા પર પંચબલી કાઢો, જેમાં કૂતરા, ગાય, કાગડા વગેરેને ભોજનનો એક ભાગ આપો. એવું માનવામાં આવે છે કે તેમની પાસેથી ભોજન લેવાથી પૂર્વજોને તે મળે છે અને પૂર્વજો પ્રસન્ન થઈને આશીર્વાદ આપે છે.

રૂદ્રાભિષેક કરોઃ

ભગવાન શિવ તમામ ગ્રહોની અધ્યક્ષતા કરે છે. તેથી જ સોમવતી અમાવસ્યા પર ભોલેનાથની પૂજા કરો. સાથે જ ભગવાન શિવને બિલીપત્ર અર્પણ કરો. સાથે જ શિવલિંગ પર દૂધ અને દહીંનો અભિષેક કરો. પિતૃદોષના નિવારણ માટે ભોલેનાથને પ્રાર્થના કરો.